જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૨/૨૦૨૨ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૭૮/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૯/૧૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | 0 | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | 0 | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | 0 | ૪૭૩૩ | ૬૨૮૨ | 0 | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | 0 | ૧૪૯ | ૪૨૮ | 0 | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | 0 | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | 0 | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | 0 | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | 0 | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૨,૩૨,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૭૯/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૨ કેસ કરી, ૫૪ વ્યક્તિઓને ઝડપી, ૬૨૨ લીટર દેશી દારૂ, ૩૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૨૭૬ બીયરટીન, ૦૧ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૦,૩૯૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૮૦/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૮૧/૨૦૨૨</u>**

**નારણપુરાઃ** રાજી જગદિશન (ઉ.વ.૪૬)(રહે,કે.કે.નગર સેકટર-૦૩ ગેટ નં.૦૧ ઘાટલોડિયા) એ તા.૧૯/૧૨/૨૦૨૨ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૨ સાંજના ૬/૦૦ થી તા.૧૯/૧૨/૨૦૨૨ સવારના ૯/૪૫ વાગ્યા દરમ્યાન નારણપુરા વિજયનગર પત્રકાર કોલોની વિભાગ-૦૧ ખાતે આવેલ પોતાના પિતાજીના મકાનની બારીના સળીયા તોડી, અજાણી વ્યક્તિ મકાનમા પ્રવેશ કરી, લોકરમાંથી સોનાનુ મંગળસુત્ર કિંમત રૂપિયા ૮૦,૦૦૦/-, સોનાની વિંટી કિંમત રૂપિયા ૨૦,૦૦૦/-, ચાંદીના ચાર સિક્કા કિંમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૨૮૨/૨૦૨૨</u>**

**રામોલઃ** અશ્મીતાબહેન વા/ઓ જયસુખભાઈ કાછડીયા (ઉ.વ.૪૬)(રહે.ગોકુલેશ રેસીડેન્સી રસપાન ચોકડી પાસે, ન્યુ ઈન્ડીયા કોલોની, નીકોલ)એ તા.૧૯/૧૨/૨૦૨૨ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૧૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે રામોલ શાશ્વત મહાદેવ-૨ થી નીરાત ચાર રસ્તા તરફ જતા રોડ ઉપર "ખાઉધરા ઢોસા પોઈન્ટ" પાસે પાર્ક કરેલ પોતાની એક્ટીવાની ડેકી ખોલી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૧૦,૦૦૦/-, મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો સાથે બે એટીએમ કાર્ડ પણ ચોરી કરી લઇ ગઇ હતી. જે એટીએમ કાર્ડ દ્વારા અશ્મીતાબહેનના બેંક ખાતામાંથી અજાણી વ્યક્તિએ કુલ રૂપિયા ૬૧,૦૦૦/- કાઢી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.આર.તડવી ચલાવે છે.

**કુતરૂ કરડી જતાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૩/૨૦૨૨**

**વેજલપુરઃ** તા.૧૭/૧૨/૨૦૨૨ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે ભીમજીભાઇ લક્ષ્મણભાઇ મારવાડી (રહે.ગાંધી સ્મૃતી સોસાયટી સામે ફુટપાથ ઉપર, જુહાપુરા) ના આઠ વર્ષના પુત્ર પ્રકાશને વિશાલા સર્કલ અલમુકામ કોમ્પલેક્ષ પાસે ખુલ્લા મેદાનમાં પાંચ-છ કુતરાઓ કરડી જતા, સારવાર અર્થે તેને અસારવા સીવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૨/૨૦૨૨ રાતના ૮/૩૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.ડી.રહેવર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૮૪/૨૦૨૨**

**ખોખરાઃ** ઉમંગ પરષોત્તમભાઇ પરમાર (ઉ.વ.૧૮)(રહે.રોહીતવાસ બારેજા)એ અગમ્ય કારણસર તા.૧૯/૧૨/૨૦૨૨ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા ખોખરા હાટકેશ્વર ચાર રસ્તા પાસે પોતાની જાતે કોઇ ઝેરી પ્રવાહી પી લેતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૯/૧૨/૨૦૨૨ સાંજના ૫/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.વિડજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી